સુવિચાર : સ્વાસ્થ્ય એટલે રોગોની ગેરહાજરી નહીં... પણ સકારાત્મક ઉર્જાની હાજરી... - વૈદ્યનાથ

તાપમાન
મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૪૯ ટકા ● સાંજે ૩૫ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૭૭ | ૧૮ ડિસેમ્બર, ૨૦૧૫, શુક્રવાર ; માગશર સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

### ફટાફટ ન્યૂઝ

- અનામતને રદ કરવાનો કોઇ જ પ્રશ્ન નથી : ભાગવતનો યુટર્ન
- યુએસ ફેડરલનો એક દશક બાદ વ્યાજદરમાં વધારો કરવા નિર્ણય
- સરહદ પર ચાવીરૂપ રેલવે લાઈનોને લઈ ઉદાસીનતા
- વર્લ્ડ ટ્વેન્ટી : મેદાનોને મેચની ફાળવણીને લઇને નવો વિવાદ
- ભરૂચમાં પ્લાન્ટ સ્થાપિત કરવા એમઆરએફ પણ સુસજ્જ છે
- ભારતને ટૂંકમાં મહિલા ફાઇટર પાયલોટ મળશે : ઇન્ડિયન એરફોર્સ
- બજારમાં તેજી જારી : વધુ ૩૦૯ પોઇન્ટનો સુધારો
- સચિન અને રેખા સંસદમાં ખુબ જ નિરાશાજનક રહ્યા
- શાહરૂખની દિલવાલે ફિલ્મને લઇને દેખાવ : બહિષ્કાર થશે

# ડીડીસીએ મામલે જેટલી-કેજરીવાલ આમને-સામને

## કોઇ ભ્રષ્ટાચાર થયો જ નથી, કેજરીવાલ ખોટા છે : કેજરીવાલ માત્ર પ્રોપેગેંડા કરી રહ્યા છે
## કેજરીવાલ પોતાના ટોપ અધિકારીના ભ્રષ્ટાચારને જ છુપાવી રહ્યા છે : જેટલીનો સીધો આક્ષેપ

નવી દિલ્હી,તા. ૧૭

સીબીઆઇના દરોડાને લઈને



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તરફથી કરવામાં આવી રહેલા હુમલાઓની નોંધ લીધા બાદ હવે નાણામંત્રી અરુણ જેટલીએ પણ આજે વળતા પ્રહાર કર્યા હતા અને કહ્યું હતું કે, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને અસત્ય અને ખોટી વાત કરવાની ટેવ પડેલી છે. તેઓ હંમેશા આક્ષેપબાજી અને બદનક્ષીની જ વાત કરતા રહે છે. જેટલીએ આક્ષેપ કરતા કહ્યું છે કે, કોઈપણ ભ્રષ્ટાચાર થયો નથી. કેજરીવાલ માત્ર પ્રોપેગેંડા કરી રહ્યા છે. કિર્તી આઝાદના નામનો ઉલ્લેખ કર્યા વગર જેટલીએ કહ્યું છે કે, કેટલાક લોકો બિનજરૂરી આક્ષેપબાજી કરી રહ્યા છે. દિલ્હીમાં ૪૦૦૦૦ લોકોની ક્ષમતા વાળા સ્ટેડિયમમાં ૧૧૪ કરોડ રૂપિયાનો ખર્ચ કરાયો છે. આ સ્ટેડિયમને પબ્લિક સેક્ટર અન્ડર ટેકિંગવાળી કંપની ઈપીઆઈએલ પાસેથી ટેન્ડરના માધ્યમથી તૈયાર કરવામાં આવી છે. કોઈપણ પ્રકારનો ભ્રષ્ટાચાર થયો નથી. દિલ્હીના મુખ્યમંત્રી પોતાના અધિકારીઓના ભ્રષ્ટાચારને છુપાવી રહ્યા છે. ડીડીસીએના કૌભાંડના મુદ્દે તપાસના ભાગરુપે તેમના મુખ્ય સચિવની ઓફિસ પર સીબીઆઈના દરોડા બાદ કેન્દ્ર સરકાર અને કેજરીવાલ સરકાર આમને સામને છે. બ્લોગમાં જેટલીએ આક્ષેપ કરતા કહ્યું છે કે, કેજરીવાલ અસત્ય અને બદનક્ષીમાં વિશ્વાસ રાખે છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડીડીસીએમાં ભ્રષ્ટાચારને છુપાવવા દરોડા : આપ

## જેટલીના રાજીનામાની માંગણી કરવામાં આવી : જેટલીની જાણમાં જ કરોડો રૂપિયાની ઉચાપત કરવામાં આવી હતી : ૫૭ કરોડનો કોઇ હિસાબ નથી : વિશ્વાસ



નવીદિલ્હી,તા. ૧૭

આમ આદમી પાર્ટીએ આજે કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીના રાજીનામાની જોરદાર માંગ કરી હતી અને દિલ્હી એન્ડ ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન કૌભાંડમાં નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી. કન્સ્ટ્રીટ્યુશનક્લબ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા એએપીના નેતા કુમાર વિશ્વાસે આક્ષેપ કરતા કહ્યું હતું કે, દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલની ઓફિસ પર ટાર્ગેટ બનાવીને દરોડા પાડવામાં આવ્યા હતા. ડીડીસીએના નાણાંકીય ઉચાપત કૌભાંડમાં તપાસ કરવા પંચની રચના કરવાના સરકારના નિર્ણય સાથે સંબંધિત ફાઈલો ચકાસવા કેજરીવાલની ઓફિસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. વિશ્વાસે આક્ષેપ કરતા કહ્યું હતું કે, જ્યારે પણ કોઈએ ડીડીસીએ કૌભાંડનો પર્દાફાશ કરવાના પ્રયાસ કર્યા છે ત્યારે કેન્દ્ર સરકારે

● અનુસંધાન પાન-૭ પર

# કેજરીવાલ રાજકીય દેવાળાગ્રસ્ત : સ્મૃતિ ઈરાની

## અણ્ણાના આદર્શોને પણ તિલાંજલિ આપી ચુક્યા : જેટલીને બદનામ કરવા પ્રયાસ

નવીદિલ્હી,તા.૧૭

આમ આદમી પાર્ટીના આક્ષેપો બાદ નાણામંત્રી અરુણ જેટલીના બચાવમાં હવે કેન્દ્રીય માનવ સંશાધન વિકાસમંત્રી સ્મૃતિ ઈરાની પણ આવી ગયા છે. સ્મૃતિ ઈરાનીએ આજે પત્રકાર પરિષદ યોજીને આમ આદમી પાર્ટીના તમામ આક્ષેપોને રદિયો આપ્યો હતો અને



કહ્યું હતું કે, તમામ આરોપો આધારવગરના છે. તેમણે કહ્યું હતું કે, અરુણ જેટલીના ગાળા દરમિયાન કોઈપણ પ્રકારના ભ્રષ્ટાચારની વાત થઈ નથી. સ્મૃતિ દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું હતું કે, કેજરીવાલ રાજકીય દેવાળાગ્રસ્ત રહેલા છે.

● અનુસંધાન પાન-૭ પર

IDBI BANK
A Govt. of India Owned Bank
આઈડીબીઆઈ બેંક લિમીટેડ
વેબસાઈટ : www.idbi.com
જોઈએ છે : ઓફિસ માટે જગ્યા
દેહગામ (જી. ગાંધીનગર)
બેંકને ઉપર જણાવેલ કેન્દ્ર પર તેની શાખા (બ્રાન્ચ) માટે જગ્યા લાંબા ગાળા માટે ભાડા પટ્ટે રાખવા ઈચ્છે છે. સુયોગ્ય જગ્યાના માલિક હોય તેવા રસ ધરાવતા પક્ષો જાહેરાત પ્રસિદ્ધ થવાની તારીખથી ૧૦ દિવસની અંદર ક્ષેત્રિય વડાને (રિજનલ હેડને) અરજી મોકલી શકે છે. અરજી કરવા માટેનો નમૂનો અને અન્ય વિગતો અમારી વેબસાઈટ www.idbi.com પર નોટિસ-ટેન્ડરના વિકલ્પ પર જઈ ડાઉનલોડ કરી શકશે અથવા મારી કોઈપણ શાખા પરથી પણ મેળવી શકશો.
અમદાવાદ | એસડી/-
તા. ૧૮-ડિસેમ્બર ૨૦૧૫ | ચીફ જનરલ મેનેજર, પશ્ચિમ ૩

# આજે પ્રધાનમંત્રી મોદી ગુજરાત આવશે

## કચ્છમાં પોલીસ અધિકારીઓની આજથી બેઠક : તમામ રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશોના અધિકારીઓ હાજરી આપશે : નરેન્દ્ર મોદી, રાજનાથસિંહ અને હરિભાઈ ચૌધરીની ઉપસ્થિતિ : આઈએસની ભારતમાં જાળ, અન્ય સુરક્ષા પાસા ઉપર લાંબી ચર્ચા વિચારણા હાથ ધરાશે

અમદાવાદ, તા. ૧૭

કચ્છના ધોરડો ખાતે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આવતીકાલથી રાષ્ટ્રીય ડીજીપી અને આઈજીપીની બેઠક શરૂ થઈ રહી છે. આ બેઠક ત્રણ દિવસસુધી ચાલનાર છે જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપનાર છે. ટોપ પોલીસ અધિકારીઓની ઓલ ઈન્ડિયા કોન્ફરન્સમાં વિવિધ મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે જેમાં ભારતમાં પોતાની જાળને વધુ ફેલાવનાર આઈએસના પ્રયાસોને રોકવાનો મુદ્દો પણ છવાઈ જાય તેવી શક્યતા છે. ભારત-પાકિસ્તાન સરહદ નજીક આયોજિત આ બેઠકમાં અન્ય મુદ્દાઓ પણ ચમકે તેવી શક્યતા છે. નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિ તમામનું



ધ્યાન ખેંચશે. પરિષદ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ પણ ઉપસ્થિત રહેનાર છે. કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હરિભાઈ ચૌધરી પણ હાજર રહેશે. ગયા વર્ષે આ પરિષદનું આયોજન નવેમ્બર મહિનામાં આસામમાં કરાયું હતું. ગુજરાતના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ પીસી ઠાકુર અગાઉ કહી ચુક્યા છે કે, આ બેઠકમાં જે મુદ્દા ઉપર ચર્ચા કરવામાં આવનાર છે તેમાં ભારતમાં આઈએસની યોજનાઓનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ ઈન્ટેલીજન્સ બ્યુરો દ્વારા આનું આયોજન કરાયું છે. જેમાં જુદા જુદા રાજ્યોમાં પોલીસ વડાઓ, સુરક્ષા સંસ્થાના વડાઓ ઉપસ્થિત રહેશે. તમામ ડીજીપી અને આઈજી ઉપરાંત નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી, સીબીઆઈ, આઈબી, નારકોટિક્સ વિભાગ, જુદી જુદી પોલીસ ટ્રેનિંગ એકેડેમીના અધિકારીઓ પણ ભાગ લેશે. બીએસએફ, સીઆરપીએફ

● અનુસંધાન પાન-૭ પર

# ટેન્ટસિટી લશ્કરી છાવણીમાં ફેરવાઈ : લોખંડી સલામતિ

અમદાવાદ,તા. ૧૭

કચ્છમાં ટોપ પોલીસ અધિકારીઓની આવતીકાલથી શરૂ થઈ રહેલી ત્રણ દિવસની કોન્ફરન્સને લઈને અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રુપ (એસપીજી)ના અધિકારીઓ અને સેન્ટ્રલ આઈબી દ્વારા સુરક્ષાની જવાબદારી સંભાળી લેવામાં આવી છે. આઠ કિલોમીટર સુધીના વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા અભૂતપૂર્વ રાખવામાં

● અનુસંધાન પાન-૭ પર

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82




